RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 206, Dt.18-11-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાશનનું રૂા.૬૯૦૦૦ કરોડનું અનાજ ગરીબો સુધી પહોંચતું જ નથી

## એક ઈકોનોમીક થીંક ટેન્ક દ્વારા કરાયો ઘટસ્ફોટ : બિહાર – પ.બંગાળ જેવા રાજય બગાડ – લીકેજ ઘટાડવામાં સફળઃ મહારાષ્ટ્ર સહિતના રાજયોમાં હજું ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ૮૦ કરોડ લોકોને મફત અનાજ યોજના ઉપરાંત જાહેર વિતરણ વ્યવસ્થા મારફત નિયમીત રીતે વિવિધ અનાજ આપવામાં આવે છે. જેમાં લીકેજ એટલે કે કાળાબજારમાં ધકેલાઈ જતા અનાજ અને ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના ગોડાઉનમાં પણ હજારો ટન અનાજ સડી જાય છે. તેમાં હાલમાં જ એક ઈકોનોમીક થીંક ટેન્ક દ્વારા આપવામાં આવેલા તારણ મુજબ સરકારી વિતરણનું ૨૮% અનાજ એટલે કે રૂા.૬૯૦૦૦ કરોડનું અનાજ ગરીબો સુધી પહોંચતું જ નથી.

હાઉસ હોલ્ડ કન્ઝમ્પશન એકસપેન્ડીચર સર્વેના ડેટા અને ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા દર મહીને જે ડેટા રીલીઝ કરે છે તેના અભ્યાસ પરથી (ઓગષ્ટ ૨૦૨૨થી જુલાઈ ૨૦૨૩ વચ્ચે) એ તારણ અપાયુ છે કે ૨ કરોડ ટન ઘઉં–ચોખા લાભાર્થી સુધી પહોંચ્યા જ ન હતા.

આ એક મોટું રાષ્ટ્રીય નુકસાન છે અને તે અનાજ જે ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગોડાઉનમાંથી નિકળે છે તે કયાં જાય છે તે પ્રશ્નનો જવાબ મેળવવા કોશીશ કરવામાં આવી હતી. આઈસીઆરઆઈઈઆરના ઈન્ફોસીસ ચેરપર્સન અશોક ગુલાટીના જણાવ્યા મુજબ આ એક મોટો આર્થિક બોજો છે અને તેનાથી સરકારી તિજોરીને મોટું નુકસાન થાય છે.

જો કે અગાઉ ૨૦૧૧/૧૨માં આ લીકેજ એટલે કે બગાડ- ૪૬% આસપાસ હતો તે ઘટાડવામાં સફળતા મળી છે છતાં પણ ૨૮% બગાડ કે ખરેખર જરૂરિયાતમંદ સુધી ન પહોંચે તે એક મોટો મુદો છે. સરકાર ટેકાના ઉંચા ભાવે આ અનાજ ખરીદે છે અને જરૂરિયાતમંદ વર્ગને મફત અથવા સાવ નીચા ભાવે તે પુરુ પાડે છે.

સરકારે જાહેર વિતરણ વ્યવસ્થામાં ડીજીટલ ટેકનોલોજી અપનાવી અને જોબ ઈમ્વેસન સહિતના ઉપાયો કર્યા



છતા પણ રૂા.૬૯૦૦૦ કરોડનું અનાજ ગરીબો સુધી પહોંચતું નથી. જો કે રસપ્રદ બાબત એ છે કે આ પ્રકારે જાહેર વિતરણ વ્યવસ્થાના અનાજનો બગાડ અટકાવવા છે.

પશ્ચિમ બંગાઈ બિહાર એ મોટી સફળતા મેળવે છે. મહારાષ્ટ્રમાં આ બગાડનું પ્રમાણ ૬૮.૭% માંથી મહીને ૧૯.૨% પહોંચ્યું છે. પશ્ચિમ બંગાળમાં તો ૬૯.૪% હતો તે ઘટીને ૯% થયો છે.

ઉતરપ્રદેશમાં પીડીએસ લીકેજ ૩૩% જેવું હતું. આ ઉપરાંત હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ, મહારાષ્ટ્રમાં પણ લીકેજનું પ્રમાણ ઉંચુ રહ્યું છે. જે રાજયોએ આધાર–રાશનકાર્ડ લીંક કરાવવામાં સફળતા મેળવી છે અને જેઓએ ડિસ્ટ્રીબ્યુશન સીસ્ટમમાં પણ સુધારા થયા છે ત્યાં આ બગાડ અટકયો છે. જીલ્લા પુરવઠા વિભાગમાં બેઠેલા અધિકારીઓ હોય કે પછી દિલ્હીમાં બેઠેલા અધિકારીઓ, દરેક હવે પીડીએસની દુકાનોમાં ખાસ નજર રાખશે. દેશભરમાં ઈ–પોશ મશીનો લગાવવામાં આવી રહ્યા છે. હવે ગામમાં બેઠેલા લોકોને આ મશીન દ્વારા જ રાશન મળવાનું શરૂ થશે. દુકાનદાર ગ્રાહકને કેટલા ઓછા ઘઉં અને ચોખા આપી રહ્યો છે તેની માહિતી પણ તમને મળશે.

બીજી તરફ દેશના ઘણા ભાગોમાં ગ્રાહકો તરફથી એવી ફરિયાદો મળી રહી છે કે ઘઉં અને ચોખા ઓછા વજનમાં સપ્લાય કરવામાં આવી રહ્યા છે. બીજી ઘણી જગ્યાએથી એવી ફરિયાદો મળી રહી છે કે અહીં મહિનાઓથી રાશન આપવામાં આવતું નથી. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકારના ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રાલયે ડઉજકેન્દ્રો માટે નવી નીતિ બનાવી છે. હવે રેશનકાર્ડને લગતી કોઈપણ ફરિયાદ પર તાત્કાલિક પગલાં લેવાશે એટલું જ નહીં, દુકાનદારનું લાઈસન્સ પણ તાત્કાલિક રદ કરવામાં આવશે.

# યુજીસી ડીગ્રી કોર્સ ઓછા સમયમાં કરવાનો વિકલ્પ આપશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ચાર વર્ષના ગ્રેજયુએશન કોર્સ કરનાર સ્ટુડન્ટસને તમામ વિકલ્પ મળશે. યુજીસી ડીગ્રી કોર્સ ઓછા સમયમાં કરવાનો વિકલ્પ આપવા જઈ રહ્યું છે, સાથે સાથે ડિગ્રી પુરી કરવાનો સમય પણ એક વર્ષ વધારવામાં આવ્યો છે.




આ બાબતે યુજીસીના અધ્યક્ષ પ્રો. એમ.જગદીશકુમારે જણાવ્યું હતું કે કમિશન ત્વરીત ડિગ્રી પ્રોગ્રામનો વિકલ્પ શોધી રહ્યું છે. જયારે સ્ટાન્ડર્ડ ત્રણ વર્ષની ડિગ્રીને ચાર વર્ષ કે ચાર વર્ષની ડિગ્રીને પાંચ વર્ષ સુધી વધારવાનો વિકલ્પ પણ આપવા જઈ રહ્યું છે. ત્રણ વર્ષના ડિગ્રી કોર્સમાં એડમીશન મેળવનારાઓને પણ ચાર વર્ષનો કોર્સ કરવાનો મોકો મળશે.

જે છાત્રો રિસર્ચ ઈન્ટર્નશીપ કરે છે અને પોતાનો કોર્સ પુરો કરવાની સમય સીમા વધારવા ઈચ્છે છે, તેમને પણ આ મોકો આપવામાં આવશે. તેમનું કહેવું છે કે યુજીસીને વિશ્વાસ છે કે ચાર વર્ષના યુજી પ્રોગ્રામ ભારતીય ઉચ્ચ શિક્ષણમાં નવું ધોરણ બની જશે.

પ્રો. કુમારે જણાવ્યું હતું કે આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી ૨૦૨૦)ના વિઝનને દર્શાવે છે અને છાત્રોને અનેક ફાયદો આપે છે. ચાર વર્ષના કોર્સમાં રિસર્ચના વધુ અવસર, ઈન્ટર્નશીપ, કોર્સના વધુ વિકલ્પ, પીએચડીમાં સીધા પ્રવેશની તક મળે છે. આ ઉપરાંત પહેલી વાર એક વર્ષનો માસ્ટર ડિગ્રી પ્રોગ્રામ લાવવામાં આવી રહ્યો છે, જે ચાર વર્ષના ગ્રેજયુએશન બાદ કરાશે.

છાત્ર હવે માસ્ટર પ્રોગ્રામમાં સરળતાથી બીજી સ્ટ્રીમમાં જઈ શકશે. જૂની ઘરેડને બદલવાની શરૂઆતઃ હવે યુનિવર્સિટીઓ ઈચ્છવા છતાં પણ જૂની ઘરેડ પર નહી ચાલી શકે. કારણ કે સ્પર્ધાના આ દોરમાં છાત્રોને જયાં વધુ તક મળશે, તે યુનિવર્સિટીઝની ડિમાન્ડ વધશે.

# ભારતીય શેરબજારમાં લાગેલું મંદીનું ગ્રહણ

## રોકાણકારોએ રૂા.૫૦ લાખ કરોડ ગુમાવ્યાઃ ૨૭ સપ્ટેમ્બરે નીફટી ૨૬૨૭૭, સેન્સેકસ ૮૫૯૭૮ હતા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

નવી દિલ્હી, તા.૧૮: વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) દ્વારા વેચવાલીથી શેરબજારના રોકાણકારોને સાત સપ્તાહમાં આશરે રૂ.૫૦ લાખ કરોડનું નુકસાન થયું છે. ભારતીય કંપનીઓની કમાણીમાં નરમાઈ અને અમેરિકામાં બોન્ડ યીલ્ડમાં વધારો થવાને કારણે પણ બજારમાં ઘટાડો થયો છે.

ગુરૂવારના રોજ રોકાણકારોની કુલ સંપત્તિ રૂ. ૪૭ ટ્રિલિયન ઘટીને રૂ. ૪૨૭ ટ્રિલિયન થઈ હતી. ગુરુ ગુનાનક જયંતિ નિમિત્તે શુક્રવારે શેરબજાર બંધ રહ્યું હતું. એકંદર માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૪ ટ્રિલિયન હતું, જે ૨૭ સપ્ટેમ્બર પછીનો રેકોર્ડ ઉચ્ચ સ્તર છે. નિફ્ટી અને સેન્સેક્સ ૨૭ સપ્ટેમ્બરના રોજ ૨૬,૨૭૭.૩૫ અને ૮૫,૯૭૮.૨૫ના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા.

ગુરુવારે નિફ્ટી ૧૦.૪% ઘટીને ૨૩,૫૩૨.૭ પર હતો અને ગુરુવારે સેન્સેકસ ૯.૭૬ ઘટીને ૭૭,૫૮૦.૩૧ પર હતો. નિફ્ટી મિડકેપ ૧૫૦ એ ૨૫ સપ્ટેમ્બરના રોજ તેની સર્વકાલીન ઉચ્ચ ૨૨,૫૧૫.૪ થી ગુરુવાર સુધીમાં ૧૦.૭% સુધારીને ૨૦,૧૦૫.૨૫ પર અને નિફ્ટી સ્મોલ કેપ ૨૫૦ એ ૧૦.૧% સુધારીને ૧૬,૮૦૧.૫૫ પર ૧૬,૮૦૧.૫૫ પર ૨૫ સપ્ટેમ્બરના રોજ તેની સર્વકાલીન ઊંચી સપાટી ૬૮૧.૮૩૮. નિફ્ટી તેની ૨૦૦-દિવસની મૂવિંગ એવરેજ ૨૩,૫૫૫.૯૮ની નીચે ટ્રેડ કરી રહ્યો છે અને એક સપ્તાહની ખોટ બાદ ગુરુવારે ૨૩,૫૩૨.૭ પર બંધ રહ્યો છે. જોકે બજાર અસ્થિર રહેશે, વિશ્લેષકો માને છે કે જો નિફ્ટીને વર્તમાન સ્તરની આસપાસ ટેકો મળે તો બાઉન્સ શકય બની શકે છે. જો કે, રિબાઉન્ડ, જો એક થાય, તો વેચી શકાય છે.

વેલ્થ મેનેજમેન્ટ ફર્મ ઝિક્વન્ટ ઈન્વેસ્ટેકના સ્થાપક શંકર શર્માએ લાઈવ મિન્ટને જણાવ્યું હતું કે, અમને બાઉન્સ મળી શકે છે, પરંતુ તે ટકાઉ રહેશે નહીં. એફઆઈઆઈ વેચાણ ચાલુ રાખવાની અપેક્ષા રાખે છે કારણ કે આર્થિક મંદી અને અન્યત્ર સારી તકો વચ્ચે ત્રિમાસિક કમાણી નબળી રહી



છે, તેમણે જણાવ્યું હતું. હકીકતમાં, નિફ્ટીના ૧૦.૪% ઘટાડાની સરખામણીમાં છેલ્લા સાત સપ્તાહમાં ચીનનો ઈજીઈ ૩૦૦ ઈન્ડેક્સ ૮% વધીને ૪,૦૩૯.૬૨ પર પહોંચ્યો હતો. ભારતીય બજારો સાત સપ્તાહમાં ઘટયા હોવા છતાં, જ્યોતિવર્ધન જયપુરિયા જેવા બજાર વિશ્લેષકો કહે છે કે વર્તમાન વેલ્યુએશન હજુ પણ 'આગામી કેટલાક મહિનામાં ભાવ અને સમયમાં કરેકશન માટે જગ્યા છોડે છે.'

# મહારાષ્ટ્ર – ઝારખંડમાં આજે સાંજથી ચૂંટણી પ્રચાર પડઘમ બંધ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા અને પેટાચૂંટણીના પ્રચારનો આજે છેલ્લો દિવસ છે. આજે સાંજે દરેક જગ્યાએ પ્રચારનો ઘોંઘાટ બંધ થઈ જશે. આજે ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે તમામ પક્ષોના નેતાઓ પુરી તાકાતથી પ્રચાર કરશે. કેન્દ્રીય મંત્રી અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા મહારાષ્ટ્રમાં પ્રચાર કરશે. નડ્ડા થાણે, સોલાપુર અને અહમદનગરમાં જાહેર સભાઓને સંબોધશે અને ભાજપના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરશે.કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની આજે ગોંદિયા અને નાગપુરમાં રેલીઓ છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આજે મુંબઈમાં પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા છે મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા બેઠકો છે, જેના પર ૨૦મી નવેમ્બરે મતદાન થવાનું છે અને પરિણામ ૨૩મી નવેમ્બરે જાહેર કરવામાં આવશે. તે જ સમયે, ઝારખંડમાં, કેન્દ્રીય કળષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ અને આસામના સીએમ હિમંતા બિસ્વા શર્મા ઘણા વિધાનસભા ક્ષેત્રોમાં રોડ શો અને જાહેર સભાઓને સંબોધિત કરશે. એમપી સીએમ મોહન યાદવે મહારાષ્ટ્રમાં મહાગઠબંધનની સરકાર બનાવવાનો દાવો કર્યો છે. સાથે જ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે ભાજપને દેશની ચિંતા નથી. કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનનું કહેવું છે કે બેવડી સરકારમાં લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે અને લોકો ઈચ્છે છે કે આવનારા દિવસોમાં ડબલ એન્જિન સરકાર ચાલુ રહે. આજે મહારાષ્ટ્રમાં શું ખાસ છે? કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે મુંબઈમાં પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા છે. આ સાથે જ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ગોંદિયા અને નાગપુરમાં બે જાહેરસભાઓને સંબોધિત કરશે. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા નવી મુંબઈ, સોલાપુર અને અહમદનગરમાં પાર્ટી માટે પ્રચાર કરશે. આ સિવાય મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ મુંબઈમાં ૩ રોડ શો યોજીને સમર્થન એકત્ર કરશે. તેમના રોડ શો કાલીના, ધારાવી અને સાયનમાં થશે.

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૩૮ સીટો પર ૨૦ નવેમ્બરે મતદાન થશે. આજે આ બેઠકો પર પ્રચાર બંધ થઈ જશે અને ૨૩મી નવેમ્બરે પરિણામ જાહેર થશે. દરમિયાન આસામના મુખ્યમંત્રી અને ભાજપના નેતા હિમંતા બિસ્વા



સરમા આજે ૩ જાહેરસભાઓને સંબોધશે. આ બેઠકો માંડુ, ટુંડી અને ચંદનકિયારીમાં યોજાશે. કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ મહેશપુર અને બોકારોમાં રોડ શો કરશે. બારહેત અને ધનબાદમાં પણ જાહેર સભાઓ કરશે. તે જ સમયે, કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન જામતારામાં રોડ શો અને ઝરિયા અને ધનબાદ, બર્મોમાં જાહેર સભાઓ કરશે. ૨૦ નવેમ્બરે ૧૫ વિધાનસભા અને એક લોકસભા બેઠક પર પેટાચૂંટણી યોજાવાની છે. ઉત્તર પ્રદેશની ૯ વિધાનસભા બેઠકો પર મતદાન થશે, જેમાં ગાઝિયાબાદ, માઝવાન, ખેર, મીરાપુર, સિસામાઉ, ફુલપુર, કટેહારી, કરહાલ અને કુંદારકીનો સમાવેશ થાય છે.

# RBIને આતંકી સંગઠન લશ્કરે એ તોયબાની ધમકી

■ RBI અધિકારીઓએ તરત જ મુંબઈ પોલીસને જાણ કરી

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મુંબઈમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (છઈઈ)ની ઓફિસને ધમકીભર્યો ફોન આવ્યો હતો. ફોન કરનારે આતંકવાદી સંગઠન લશ્કર–એ–તૈયબાના સીઈઓ તરીકે ઓળખાવ્યા અને ધમકી આપી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, શનિવારે સવારે લગભગ ૧૧:૦૦ વાગ્યે આ કોલ આવ્યો હતો અને




ત્યારબાદ આરોપીએ ગીત ગાવાનું શરૂ કર્યું હતું. કોલ મળ્યા બાદ છઈઈ અધિકારીઓએ તરત જ મુંબઈ પોલીસને જાણ કરી હતી. પોલીસે રામાબાઈ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો હતો.

હાલ પોલીસ દ્વારા આરોપીઓને ઓળખવા અને તેમના સુધી પહોંચવા માટે તપાસ કરવામાં આવી રહી છે. મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને મુંબઈ પોલીસે એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે.

પોલીસનું કહેવું છે કે, આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, અને કોલ પાછળ કોણ હતું તે શોધવાના પ્રયાસો જલ્દી કરવામાં આવી રહ્યા છે.

# સીધા કરવેરાની રૂા.૨૬.૧૩ લાખ કરોડની રીકવરી બાકી : છ માસમાં રૂા.૩૫૫૦૦ કરોડ વસુલાયા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં કરવેરાના કલેકશનમાં સતત ઉંચો લક્ષ્યાંક અને તે બાદ થયેલી આવક વચ્ચે અગાઉની ટેક્ષ–રીકવરીમાં પણ સીધા કરવેરા બોર્ડ સફળતા મેળવી છે અને ચાલુ વર્ષે એપ્રિલથી સપ્ટેમ્બર માસ સુધીમાંજ જૂના વેરા બાકીમાંથી રૂા.૩૫૫૦૦ કરોડની રકમ વસુલવામાં સફળતા મળી છે.

વાસ્તવમાં આવકવેરા સહિતના સીધા કરવેરાના રૂા.૨૬ લાખ કરોડની જંગી રકમ ટેક્ષ પેટે બાકી છે અને તેમાં રૂા.૯ લાખ કરોડની રકમ તો વસુલવી ખૂબજ અઘરી અથવા તો અશકય હોવાનું તારણ આપવામાં આવ્યું છે.

જેમાં મુંબઈ ઝોન સૌથી વધુ રૂા.૯.૬ લાખ કરોડની બાકી રકમ સાથે પ્રથમ ક્રમાંકે છે તે વચ્ચે સીધા કરવેરા બોર્ડ દ્વારા ખાસ વસુલાત ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી. જેમાં કોર્પોરેટ ટેક્ષ પેટે રૂા.૨૩૦૦૦ કરોડ અને વ્યક્તિગત આવકવેરાના રૂા.૧૨૫૦૦ કરોડની વસુલાત કરવામાં આવી હતી.

હવે વસુલાતને વેગ આપવા માટે ઝોનવાઈઝ ટાર્ગેટ અપાયા છે અને તેમાં ચાલુ નાણાકીય વર્ષમાં રૂા.૯૦૦૦૦ કરોડથી રૂા.૧ લાખ કરોડની વસુલાતની તૈયારી છે.

ગત નાણાકીય વર્ષમાં આવકવેરા વિભાગે જૂની બાકી વેરા રૂા.૭૩૫૦૦ કરોડની વસુલાત કરી હતી જેમાં કોર્પોરેટ ટેક્ષના રૂા.૫૬૦૦૦ કરોડ અને પર્સનલ આવકવેરા રૂા.૧૬૫૦૦ કરોડ સામેલ હતા. દેશના વ્યાપારી પાટનગર તરીકે જાણીતા મુંબઈમાં સૌથી વધુ રૂા.૯.૬ લાખ કરોડની ટેક્ષ બાકી બાદ બીજા




ક્રમે દિલ્હી રૂા.૪.૯ લાખ કરોડ, ગુજરાત રૂા.૧.૯ લાખ કરોડ, તામિલનાડુ રૂા.૧.૪ લાખ કરોડ, કર્ણાટક અને ગોવા રૂા.૧.૧ લાખ કરોડ, આંધ્રપ્રદેશ અને તેલંગાણા રૂા.૧ લાખ કરોડ અને ઉતરપ્રદેશ પુર્વમાં રૂા.૧ લાખ કરોડની વસુલાત બાકી છે. આ બાકીમાં ટોચના ૫૦૦૦ કેસોમાંજ ૬૦% જેટલી રકમ ફસાઈ છે. આ કેસમાં જેમની વસુલાત ખુબજ મુશ્કેલ કે શકયતા જ નથી તેને અલગ પાડવા જણાવાયુ છે અને તેના આધારે દરેક ઝોનને ખાસ ટીમ બનાવીને પ્રીન્સીપલ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષના નેતૃત્વમાં આ ૫૦૦૦ કેસોમાં વસુલાત ઝડપી બનાવવા જણાવાયું છે.

આ ઉપરાંત ૧૦ વર્ષ કે તેથી જૂની વસુલાતમાં જયાં કરદાતા મૃત્યુ પામ્યા હોય કે નગુમથ હોય તેની યાદી તૈયાર કરીને તે રકમ માંડવાળ કરવા પણ તૈયારી છે.

# ભાજપ જાણી જોઈને મણિપુર સળગાવવા માંગે છે : મલ્લિકાર્જુન ખડગેનો સનસનીખેજ આક્ષેપ

## મણિપુર એક પણ નથી અને સેફ પણ નથી : કોંગ્રેસ રાષ્ટ્રીય અધ્યક્ષના વડાપ્રધાન મોદી પર પ્રહાર

**મુખ્ય સમાચાર,મણિપુર**

મણિપુરમાં ગુમ થયેલા છ લોકોમાંથી ત્રણના મૃતદેહ નદી નજીકથી મળી આવ્યા બાદ રાજ્યમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે. જે બાદ પ્રદર્શનકારીઓએ શનિવારે રાજ્યના ત્રણ મંત્રીઓ અને છ ધારાસભ્યોના નિવાસસ્થાનો પર હુમલો કર્યો હતો. ત્યારબાદ સરકારે પાંચ જિલ્લામાં અનિશ્ચિત સમય માટે પ્રતિબંધિત આદેશો લાગુ કર્યા છે.

આ દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મણિપુરમાં થઈ રહેલી હિંસા પર કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે



કહ્યું કે ન તો મણિપુર એક છે અને ન તો મણિપુર સુરક્ષિત છે.

પીએમ મોદી પર કટાક્ષ કરતા, તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું, તમારી ડબલ એન્જિન સરકાર હેઠળ, ન તો મણિપુર સંયુક્ત છે, ન તો મણિપુર સુરક્ષિત છે. મે ૨૦૨૩ થી, રાજ્ય અકલ્પનીય પીડા, વિભાજન અને વધતી હિંસામાંથી પસાર થઈ રહ્યું છે, જેનાથી ત્યાંના લોકોનું ભવિષ્ય બરબાદ થઈ ગયું છે.

અમે આ વાત પૂરી જવાબદારી સાથે કહી રહ્યા છીએ કે એવું લાગે છે કે ભાજપ જાણીજોઈને મણિપુરને સળગાવવા માંગે છે, કારણકે તે પોતાની ધૃણિત વિભાજનકારી રાજનીતિ કરે છે.

તેમણે વધુમાં કહ્યું કે, ૭ નવેમ્બરથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. સંઘર્ષગ્રસ્ત વિસ્તારોની યાદીમાં નવા જિલ્લાઓ ઉમેરવામાં આવી રહ્યા છે અને આગ સરહદે આવેલા ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ફેલાઈ રહી છે. સુંદર સરહદી રાજ્ય મણિપુરમાં તમે પૂરી રીતે નિષ્ફળ ગયા છો. ભવિષ્યમાં તમે મણિપુર જશો તો પણ રાજ્યની જનતા ક્યારેય માફ નહીં કરે.

# ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા વર્ષનું સ્નેહ મિલનઃઉનામાં તમામ હોદ્દેદારો-કાર્યકર્તાઓ આગેવાનો વેપારીઓ ઉપસ્થિત રહ્યા

રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના



ઉનામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા વર્ષનું ભવ્ય સ્નેહ મિલન યોજાયુ હતું. આ કાર્યક્રમમા ધારાસભ્ય, જીલ્લા ભાજપ પ્રમુખ, જીલ્લા તાલુકા સંગઠનના હોદેદારો, કાર્યકર્તાઓ આગેવાનો, વેપારીઓ ગ્રામ્યજનો સહીત બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા..

ઉના રુદ્રાક્ષ પાર્ટી પ્લોટ ખાતે ઉના શહેર તાલુકા તથા ગીરગઢડા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા વર્ષનું સ્નેહમિલન ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને તેમજ જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયાની વિશેષ ઉપસ્થિતીમાં સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્નેહમિલન સમારોહમાં જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, પ્રકાશભાઈ ટાંક, જીલ્લા ભાજપ મહામંત્રી વિશાલભાઈ વોરા, ભાજપ પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ રામભાઈ વાળા, મુસ્લિમ સમાજના અગ્રણી તેવા ઈકબાલ ભાઈ હાજી દાદાબાપુ ઉના તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, શહેર ભાજપ પ્રમુખ કાળુભાઈ રૂપાલા, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા તેમજ તાલુકા પંચાયત જીલ્લા પંચાયત નગરપાલિકાના સદસ્ય ઓ સંગઠનના તમામ મોરચાના હોદ્દેદારો, દરેક સમાજના અગ્રણીઓ, દરેક ગામના સરપંચઓ અને ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર-રાજકોટ હાઈ-વે પર ધ્રોલ નજીક બોલેરોએ એક્ટિવાને ઠોકર મારતા માતા-પિતા અને પુત્રીનું મોત

## જાયવા ગામે આશાપુરા હોટલ પાસે પુરપાટ ઝડપે આવતા બોલેરો ચાલકે અકસ્માત સર્જી ભેંસદડ ગામના પરિવારનો માળો વીંખી નાખ્યોઃ નવ વર્ષનો પુત્ર નોધારો થયો

મુખ્ય સમાચાર,જામનગર

જામનગર-રાજકોટ હાઈવે ગઈકાલ વહેલી સવારે રક્તરંજીત થયો હતો. ધ્રોલ નજીક જાયવા ગામે માર્ગ પર પુરપાટ ઝડપે દોડી આવતા બોલેરો ચાલકે એક્ટિવાને પાછળથી ઠોકર મારતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અને આ અકસ્માતમાં એક્ટિવા સવાર પતિ-પત્નીનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.જ્યારે ચાર વર્ષીય પુત્રીને ઈજા ગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે પડધરી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.પરંતુ સારવાર મળે તે પૂર્વે જ તેનું મોત નીપજ્યું હતું.

વિગત મુજબ ધ્રોલ નજીક જાયવા ગામ નજીક આવેલી આશાપુરા હોટલ પાસે ગઈકાલ વહેલી સવારે પૂરપાટ ઝડપે દોડતી આવતા જીજ.૦૩.બીડબલ્યુ.૨૩૨૦ નંબર ના બોલેરોના ચાલકે માર્ગ પર જતાં એક્ટિવાને ટક્કર મારતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો.જેમાં ધ્રોલ તાલુકાના ભેંસદડ ગામના કડિયા ક્ષત્રિય પરિવાર સંજયભાઈ રમેશભાઈ ચોટલિયા (ઉ.વ.૩૬) અને તેમના પત્ની ઈનાબેન સંજયભાઈ ચોટલિયા (ઉ.વ.૩૫)નું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.જ્યારે ૪ વર્ષી ય પુત્રી નિશા સંજયભાઈ ચોટલિયાને ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ મારફત પડધરી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર મળે તે પૂર્વે જ તેને દમ તોડી દીધો હતો. ઘટનાની જાણ થતાં જ ધ્રોલ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો.અને માતા-પિતા અને પુત્રીના મૃતદેહોને પીએમ અર્થે ખસેડવાની કામગીરી હાથધરી હતી.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક પરિવાર ધ્રોલ તરફ એક્ટિવામાં આવી રહ્યો હતો. ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.સંજયભાઈ અને ઈનાબેનને બે સંતાનો હતા, જેમાં એકનું તો એમની સાથે મોત થઈ ગયું છે. હવે એમનો એક ૯ વર્ષનો પુત્ર બચ્યો છે. સંજયભાઈના માતા-પિતા સાથે છે.જ્યારે અકસ્માત સર્જી નાશી છૂટેલા ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ કરી છે.



# જામકંડોરણા કોબેશ્વર મહાદેવ મંદિર ખાતે સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

## કોબેશ્વર મહાદેવ મંદિરના દર્શન કરી ધન્યતા અનુભવતા આરડીસી બેંકના ડિરેક્ટર લલીતભાઈ રાદડિયા

અહેવાલ. નિલેશ સોલંકી ઉપલેટા



જામકંડોરણા તાલુકાના સાતોદળ ગામ પાસે આવેલ કોબેશ્વર મહાદેવ મંદિર ખાતે સમૂહ લગ્નનું આયોજન કરતા કોબેશ્વર મહાદેવ મંદિરના મહંત શ્રી ગોકુલ ગિરી મહારાજ તેમજ શ્રી સંજયભાઈ પાનસુરીયા દ્વારા સુંદર સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. દાતાશ્રીઓ દ્વારા દંપતિઓ ને ૭૦ થી વધુ કરિયાવરની ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી ગોકુલ ગિરી મહારાજ દ્વારા ઉદ્યોગ અગ્રણી તેમજ અનેક સેવા કીય પ્રવૃત્તિ સાથે જોડાયેલ મનસુખભાઈ સાવલિયા નું તેમજ રાજકોટના પીએસઆઇ રાખોલીયા સાહેબ સિનિયર પત્રકાર પ્રવીણભાઈ દોંગા નું તેમજ અન્ય દાતાશ્રીઓનું સન્માન કરાયું હતું સમૂહ લગ્ન સમિતિ દ્વારા દરેક દાતાશ્રીઓનો તેમજ સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કર્યો હતો મહંત ગોકુલ ગિરી મહારાજ તેમજ સંજયભાઈ પાનસુરીયા દ્વારા આવતા વર્ષે પણ ૨૫ દીકરીઓના સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી.

# દ્વારકા -સોમનાથ નેશનલ હાઈવે પર કારની ઠોકરે રીક્ષા ચડી જતા ચાલકનું મોત

મુખ્ય સમાચાર,પોરબંદર



દ્વારકા-સોમનાથ નેશનલ હાઈવે પર પોરબંદરના રતનપર નજીક બેફામ સ્પીડમાં કાર ચલાવતા ઈસમે છકડો રીક્ષા ને પાછળથી ઠોકર મારતા રાણાવાવ રહેતા રીક્ષા ચાલકનું મોત નીપજ્યું છે.

આ અંગેની માહિતી મુજબ રાણાકંડોરણા ગામે રહેતા અને નાસ્તાની લારી ચલાવતા લાલજીભાઈ ભુવા નામના આધેડે પોતાના રાણાવાવ ખાતે ગોપાલ પરામાં રહેતા ભાઈ પ્રેમજીભાઈ મનજીભાઈ ભુવા(ઉંમર વર્ષ ૪૯)નું અકસ્માતે મોત નીપજયાનો ગુનો નોંધાવ્યો છે જેમાં જણાવ્યું છે કે તેના ભાઈ પ્રેમજીભાઈ ગઈકાલે રાત્રે રાણાવાવ થી માધવપુર ખાતે રીક્ષા નો ફેરો કરવા માટે જતા હતા ત્યારે રતનપર ના પાટીયા પાસે પાછળથી ફલ સ્પીડે આવતી કારના ચાલકે છકડો રીક્ષા ને ઠોકર મારી દેતા રિક્ષા અને કાર બંને પલટી ખાઈને નીચે પડી ગયા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા રીક્ષા ચાલક પ્રેમજીભાઈ ભુવાને ઈમર્જન્સી સેવા ૧૦૮ મારફ તે પોરબંદરની સરકારી ભાવસિંહજી હોસ્પિટલે પહોંચાડયા હતા જ્યાં ફરજ પરના તબીબો એ પ્રેમજીભાઈ ને મૃત જાહેર કરતા પોસ્ટ મોર્ટમ ની કાર્યવાહી થઈ હતી. અને ત્યારબાદ લાલજીભાઈ ભુવા એ પોતાના ભાઈ પ્રેમજીભાઈ નું બેફિકરાઈથી કાર ચલાવીને મોત નીપજાવનાર કારના અજાણ્યા ચાલક સામે ગુનો નોંધાવ્યો છે.

ઉલ્લેખનીય છે કે નેશનલ હાઈવે ઉપર બેફામ સ્પીડ માં જતા વાહન ચાલકો સામે ટ્રાફિક પોલીસ વારંવાર જનજાગૃતિ ફેલાવે છે તેમ છતાં પણ ફલ સ્પીડે વાહન ચલાવનારાઓ આ રીતે અકસ્માત સર્જીને નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતારી રહ્યા છે ત્યારે તેઓની સામે કડક હાથે કામ લેવું જરૂરી બન્યું છે.

# જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ગોવાણા ગામની સીમા ઈન્ડિયન એરફોર્સના હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડીંગ કરાયું

મુખ્ય સમાચાર,જામનગર




જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ગોવાણા ગામની સીમા ઈન્ડિયન એરપોર્ટ નું હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડ કરાયું હતું. જ્યારે હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી સર્જાતા ગોવાણા ગામની સીમમાં ઈન્ડિયન એરફોર્સ નું હેલિકોપ્ટર ઈમરજન્સી લેન્ડ કરાતા આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો એકઠા થયા હતા અને થોડીવાર માટે લોકો વિચારતા થઈ ગયા હતા કે હેલિકોપ્ટરને ઈમર્જન્સી લેન્ડિંગ કયા કારણોસર કરવામાં આવ્યું હતું જ્યારે ગોવાણા ગામની સીમમાં ઈન્ડિયન એરફોર્સ નું હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ કરાયું હતું, ત્યારબાદ ટેકનિકલ ખરાબી દૂર થતા ફરી ઉડાણ ભરી હતી. તેને જોવા માટે પણ મોટી સંખ્યામાં ટોળા એકઠા થયા હતા અને ગ્રામ્ય વિસ્તારના તેમજ વાડી વિસ્તારના લોકો એકઠા થઈ હેલિકોપ્ટર ઉડાણ ભરી હતી.

ઈન્ડિયન એરફોર્સ નું હેલિકોપ્ટર લેન્ડિંગ કરાયું હતું ત્યારબાદ તાત્કાલિક વાયુ સેનાના અધિકારીઓ પણ સ્થળ પર પહોંચી આવ્યા હતા અને હેલિકોપ્ટર લેન્ડ થયા બાદ એરફોર્સના જવાનો દ્વારા હેલિકોપ્ટરને ચો તરફ ઘેરી લીધું. અને તાત્કાલિક સ્થળ પર પોલીસ પહોંચી ગઈ હતી.અને ત્યારબાદ ખરાબી દૂર થતા વાયુસેનાનું હેલિકોપ્ટર ઉડાણ ભરી હતી.

# જામનગરમાં માર્ગ અકસ્માતના મૃતકોને શ્રદ્ધાંજલિ




જામનગરમાં માર્ગ અકસ્માતના મૃતકોને શ્રદ્ધાંજલિઃ ટ્રાફિક નિયમો પાળવાની પ્રતિજ્ઞા પણ લેવાઈ , અધિકારીઓ - કર્મચારીઓ જોડાયા.જામનગરમાં માર્ગ અકસ્માતના મૃતકોને શ્રદ્ધાંજલિઃ ટ્રાફિક નિયમો પાળવાની પ્રતિજ્ઞા પણ લેવાઈ , અધિકારીઓ - કર્મચારીઓ જોડાયા જામનગરમાં ટ્રાફિક શાખા , આરટીઓ અને ૧૦૮ ની ટીમ દ્વારા માર્ગ અકસ્માતમાં મૃતકોને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ લાલબંગલા સર્કલ ખાતે યોજયો હતો . જેમાં અધિકારી અને કર્મચારીઓ હાજર રહ્યા હતાં . આ તકે ટ્રાફીક નિયમો પાળવા માટેની પ્રતિજ્ઞા પણ હાજર કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા લેવામાં આવી હતી.

# જામનગરના મોડપરના પાટિયા પાસેથી દારૂભરેલી ઈકો ઝડપાઈ



જામનગરના મોડપરના પાટિયા પાસેથી દારૂ ભરેલી ઈકો સાથે એક શખ્સની ધરપકડ, ૩.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત જામનગર-રાજકોટ હાઈવે પર આવેલ મોડપર ગામના પાટિયા પાસેથી એક ઈકો કારમાં અંગ્રેજી દારૂની ૪૮ બોટલ મળી આવતા ક્ક્ષઈએ એક શખ્સની ધરપક્ડ કરી કુલ મળી રૂ.૩.૨૪લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ જિલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ બાતમીના આધારે ક્ક્ષઈએ જામનગર-રાજકોટ હાઈવે પર આવેલ મોડપર ગામના પાટિયા પાસે વોચ ગોઠવી હતી. દરમ્યાન અહીંથી પસાર થતી ઈકો કારને રોકાવી તલાશી લેતાં તેમાંથી અંગ્રેજી દારૂની ૪૮ બોટલ મળી આવતાં મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના માલફળિયા પાનગુડા ગામના શખ્સને ઝડપી લીધો હતો.પોલીસે અંગ્રેજી દારૂ ઉપરાંત રૂપિયા ૩ લાખની કિંમતની કાર તેમજ રૂપિયા પાંચ હજારની કિંમતનો મોબાઈલ એમ કુલ રૂપિયા ૩.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને પૂછપરછ હાથ ધરતાં જોડિયા તાલુકાના પીઠડ ગામે રહેતાં ધર્મેન્દ્ર રાવત નામના શખ્સે આ વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યાની કબૂલાત આપતાં તેની સામે પણ ફરાર જાહેર કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# વાંકાનેરના રાતીદેવળી ગામ નજીક જુગારની મહેફિલ માંડી બેઠેલા પાંચ જુગારી પકડાયા

વાંકાનેર તાલુકાના રાતીદેવળી ગામમાં પાદરડું નામે ઓળખાતી સીમમાં વાંકાનેર સીટી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે રેઈડ કરી હતી, જેમાં ખરાબાની જમીનમાં બાવળની કાંટમાં તીનપત્તીનો જુગાર રમતા પ્રવીણસિંહ ધીરૂભા ઝાલા ઉવ.૬૦, વિનુભાઈ હમીરભાઈ વોરા ઉવ.૫૭, કિશોરભાઈ હીરાભાઈ વોરા ઉવ.૪૬, પ્રવિણભાઈ કાળુભાઈ વોરા ઉવ.૪૦ તથા મહેશભાઈ ગોરધનભાઈ વોરા ઉવ.૫૦ તમામ વાંકાનેર તાલુકાના રાતીદેવળી ગામના રહેવાસીને ઝડપી લેવામાં આવ્યા હતા, અચાનક પોલીસની રેઈડથી જુગરીઓમાં નાસભાગ મચી ગયી હતી, પરંતુ પોલીસ ટીમે તમામ પાંચેય આરોપીઓની અટક કરી જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧૦,૪૩૦/- કબ્જે લઈ પકડાયેલ આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી સિરામિક ઉદ્યોગને તોલ-માપ વિભાગ તરફથી થતી મુશ્કેલી બાબતે પીએમને રજૂઆત

■ એમ.આર.પી. બાબતના કેસ જે તે ફેકટરીના હોય તે જિલ્લામાં રજુ કરવા સહિતની રજૂઆત

મુખ્ય સમાચાર,મોરબી

મોરબી સિરામિક ઉદ્યોગને તોલ-માપ વિભાગ તરફથી થતી મુશ્કેલી બાબતે મોરબી શહેર / જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને રજૂઆત કરવામાં આવી છે.

આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, મોરબી સિરામિક ઉદ્યોગ દેશમાં વધારેમાં વધારે ટેક્સ ભરે છે અને તેને કેરાલા, એમ.પી., રાજસ્થાન અને અન્ય રાજ્યોના તોલ-માપ વિભાગથી ઘણી મુશ્કેલીઓ પડે છે. અહીંથી ટેક્સ ટાઈલ્સની પેટી જે તે રાજ્યના ડીલરને પેટી પર એમ.આર.પી.ના સિક્કા લગાવીને વેચાણ કાયદેસર કરેલું હોય અને હવે ટાઈલ્સના ભાવ જુદા - જુદા રાજ્ય પ્રમાણે હોય છે હવે એક બે વર્ષ પછી એમાં એમ.આર.પી.ના સિક્કા ઝાંખા પડી ગયા હોય છે. તો તોલ-માપ વિભાગ મેન્યુફેક્ચર ઉપર કેસ કરે છે. આ કેસ ડીલર પર કરવાની જગ્યાએ માલિક ઉપર કેસ કરી ગમે તે રકમનો દંડ ભરવાનું દબાણ કરે છે.

આ બાબતે રાજ્યમાં તમામ ટાઈલ્સની એમ.આર.પી. બાબતે મુશ્કેલી થતા એમ.આર.પી. બાબતના કેસ જે તે ફેકટરીના હોય તે જિલ્લામાં રજુ કરવા, જો ગ્રાહકે ફરિયાદ કરવાની હોય તો સ્થાનિક ડીલર પર પ્રથમ કરવા, મેન્યુફેક્ચર પર કંપનીને જાણ કર્યા વગર તોલમાપ વિભાગ દંડની રકમ મંજુર કરી શકે નહીં, તોલમાપ વિભાગ કંપનીના માલિક સાથે ટાઈલ્સની એમ.આર.પી. બાબતે ઓનલાઈન ચર્ચા કરવા સહિતની રજૂઆત કરવામાં આવી છે.

# ધોરાજીના સુપેડી ગામ પાસે ખાનગી બસમાં લાગી ભીષણ આગ

## ૨૫થી વધુ મુસાફરોનો આબાદ બચાવઃ વાપરીગમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી

મુખ્ય સમાચાર,રાજકોટ



રાજકોટ જિલ્લાના ધોરાજીના સુપેડી ગામ નજીક નેશનલ હાઈવે પર ખાનગી ટ્રાવેલ્સમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. પોરબંદરથી રાજકોટ આવતી શક્તિ ટ્રાવેલ્સ નામની બસમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી.જ્યારે ડ્રાઈવરની સમય સૂચકતાના કારણે બસમાં બેઠેલ તમામ લોકો નીચે ઉતરી જતાં મોટી જાનહાનિ ટળી હતી અને બસ સંપૂર્ણ રીતે બળીને ખાખ થઈ હતી.મળતી માહિતી મુજબ પોરબંદરથી રાજકોટ આવતી શક્તિ ટ્રાવેલ્સ નામની બસ ધોરાજીના સુપેડી ગામ નજીક નેશનલ હાઈવે પર પહોંચી ત્યારે તેમાં અચાનક આગ ભભુકી જ હતી.આગ લાગ્યાની જાણ થતાં જ ધોરાજી નગરપાલિકા ફાયર બ્રિગેડ સ્ટાફ તાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, આગ કાબૂમાં આવે એ પહેલાં જ ટ્રાવેલ્સ સંપૂર્ણ બળીને ખાખ થઈ જવા પામી હતી. સદનસીબે ટ્રાવેલ્સમાં બેઠેલ ૨૫ જેટલા પેસેન્જરનો આબાદ બચાવ થયો હતો. સમગ્ર બનાવને લઈને ડ્રાઈવર મનસુખ બારોટે જણાવ્યું કે, પોરબંદરથી રાજકોટ આવતા હતા અને રસ્તામાં વાયરિંગ શોર્ટ થતાં આગ લાગી હતી. ત્યારે બસમાં ધુમાડા નીકળતા સમય સૂચકતા દાખવી પેસેન્જર, કન્ડકટરને બધાને સામાન સહિત બસમાંથી નીચે ઉતારી લેવાયા હતા. જેથી કોઈ જાનહાનિ થવા પામી નહોતી.

# ચોટીલાના ચાણપા ગામના પાટીયા પાસે કાર ભડભડ સળગી ઊઠી



ચોટીલાના ચાણપા પાસે એક કાર અચાનક સળગી ઉઠતા માર્ગ પર અફરાતફરી મચી જવા પામી હતી. બનાવની જાણ થતા ચોટીલા પાલિકા ફાયરબ્રિગેડની ટીમ દોડી આવી હતી. વધુમાં પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદમાં રહેતા ભાર્ગવભાઈ સુખાનંદી પરિવાર સાથે બ્રેઝા કાર લઈને દ્વારકા ગયા હતા. જયાંથી તેઓ શનિવારે રાત્રે પરત ફરી રહ્યા હતા. ત્યારે ચોટીલા હાઈવે પર ચાણપા ગામના પાટીયા પાસે અચાનક કારમાંથી ધુમાડો નીકળવા લાગ્યો હતો. આથી સમયસુચકતા વાપરી ભાર્ગવભાઈ પરિવાર સાથે કારની બહાર આવતા રહ્યા હતા. અને જોત જોતામાં કાર ભડભડ સળગી ઉઠી હતી. બનાવની જાણ થતા ચોટીલા પાલિકાના ફાયર ફાઈટર સાથે લાશ્કરોએ દોડી જઈ આગને કાબુમાં લીધી હતી. જોકે, ત્યાં સુધીમાં કાર બળીને ખાખ થઈ ગઈ હતી. આ બનાવમાં કોઈ જાનહાનિ ન થતા લોકોએ રાહત અનુભવી હતી.

# વાંકાનેરના રાતીદેવળી ગામ નજીક જુગારની મહેફિલ માંડી બેઠેલા પાંચ જુગારી પકડાયા

વાંકાનેર તાલુકાના રાતીદેવળી ગામમાં પાદરડું નામે ઓળખાતી સીમમાં વાંકાનેર સીટી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે રેઈડ કરી હતી, જેમાં ખરાબાની જમીનમાં બાવળની કાંટમાં તીનપત્તીનો જુગાર રમતા પ્રવીણસિંહ ધીરૂભા ઝાલા ઉવ.૬૦, વિનુભાઈ હમીરભાઈ વોરા ઉવ.૫૭, કિશોરભાઈ હીરાભાઈ વોરા ઉવ.૪૬, પ્રવિણભાઈ કાળુભાઈ વોરા ઉવ.૪૦ તથા મહેશભાઈ ગોરધનભાઈ વોરા ઉવ.૫૦ તમામ વાંકાનેર તાલુકાના રાતીદેવળી ગામના રહેવાસીને ઝડપી લેવામાં આવ્યા હતા, અચાનક પોલીસની રેઈડથી જુગરીઓમાં નાસભાગ મચી ગયી હતી, પરંતુ પોલીસ ટીમે તમામ પાંચેય આરોપીઓની અટક કરી જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧૦,૪૩૦/- કબ્જે લઈ પકડાયેલ આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દિવાળી વેકેશન પૂર્ણ થતા શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ફરી ધમધમ્યું






(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજ સવારથી સમગ્ર રાજયમાં જાહેર માર્ગો તેમજ સુમસામ રહેલા શૈક્ષણીક સંકુલમાં વિદ્યાર્થીઓના કલરવથી ગુંજી ઉઠયા હતાં. આજથી શાળાઓમાં નવા શૈક્ષણીક સત્રનો શુભારંભ થયો છે. ૨૧ દિવસ દિવાળી વેકેશનની રજાની મજા માળ્યા બાદ આજથી રાજયની પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા સત્રનો પ્રારંભ થયો છે. જયારે કોલેજ અને યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ પરીક્ષાનું આયોજન થયું છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે જોડાયેલી રાજયની ૫૪ હજારથી વધુ શાળાઓમાં નવા શૈક્ષણીક સત્રનો પ્રારંભ થયો છે. આજથી તા. ૧૮ મી નવેમ્બરથી શરૂ થતુ શૈક્ષણીક સત્ર આગામી ૪ મે સુધી ચાલશે. ૫-૫-૨૫ થી ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા એકેડેમીક કેલેન્ડર પ્રમાણ દીવાળીનું ૨૧ દિવસનું વેકેશન હતું. નવા ૨૦૨૫ ના શૈક્ષણીક સત્રનો પ્રારંભ ૨૬ જૂન ૨૦૨૫ ના થશે. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતભરમાં કેટલીક ખાનગી શાળાઓએ ગત અઠવાડીયા પૂર્વે જ શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ થયું હતું. જેનો વ્યાપક વિરોધ થયો હતો.

## રામોદ ગામના સરપંચ અમિતભાઈ પડારીયાનો આજે જન્મદિવસ



કોટડા સાંગાણી તાલુકાના રામોદ ગામ ના વતની અને રામોદ ગામના સરપંચ અમિતભાઈ પડારિયા નો જન્મદિવસ છે તેઓ આજે ૪૧વર્ષ પૂર્ણ કરી ૪૨ ના વર્ષ માં પ્રવેશ કરી રહિયા છે બાળપણથી રાષ્ટ્રીય રંગે રંગાયેલા તેમજ સમાજ સેવા ને અગ્રતા આપી અને રાજકારણ ક્ષેત્રે તાલુકામાં તેમજ જિલ્લામાં જુદી જુદી જવાબદારી નિભાવેલી છે પોતાની કુશળતા અને વ્યાવહારિકતાથી રાજકીય અને સામાજિક ક્ષેત્રે બોહરી લોકચાહના ધરાવતા અમિતભાઈ પડારિયા નો કાર્ય વિસ્તાર કોટડા સાંગાણી ઉપરાંત સમગ્ર જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ખૂબ જ નિષ્ઠાપૂર્વક અને ખંથ થી કાર્યરત છે જેઓ સામાજિક અને રાજકીય રીતે ખૂબ મિત્રતા ધરાવતા એવા અમિતભાઈ પડારીયા ને આજે ૪૧ વર્ષ પૂર્ણ કરી ૪૨માં વર્ષમાં પ્રવેશ કરેલ છે આ તકે કોટડા સાંગાણી તાલુકા ભાજપના હોદ્દેદારો રાજકોટ જિલ્લા ભાજપના હોદ્દેદારો ધારાસભ્ય સાંસદ તેમજ સહકારી અને સામાજિક આગેવાનો સ્નેહીજનો મિત્રો શુભેચ્છકો તેમજ ભાજપ ના કાર્યકર્તા તરફથી તેઓના મોબાઈલ નંબર ૯૮૨૪૨૭૭૭૫૧ પર શુભેચ્છાઓ મળી રહી છે.

## રાજકોટ નાગરિક બેંકની ચૂંટણીમાં ૯૬.૩૯% શાંતિપૂર્ણ મતદાન : કાલે ફેંસલો





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ નાગરિક સહકારી બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં ૯૬.૩૯ ટકા શાંતિપૂર્ણ મતદાન થવા પામેલ હતું. બેંકના ડેલીગેટસ મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યુ હતું. રાજયમાં પ્રથમવાર આ મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના બોર્ડ ઓફ ડિરેકટરની ચૂંટણી માટે મતદાન થયું હતું. હવે તેની મતગણતરી આવતીકાલે તા.૧૯ને મંગળવારે થનાર હોય તેના પરિણામ તરફ બેંકના સભાસદો-ગ્રાહકોની ઉત્તેજના ભરી મીટ મંડાયેલી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે કો-ઓપરેટીવ ઈલેક્શન ઓથોરિટી, મિનિસ્ટ્રી ઓફ કો-ઓપરેશન, ન્યુ દિલ્હી દ્વારા રાજકોટ નાગરીક સહકારી બેંક લી.ના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકે જિલ્લા કલેકટરશ્રી, રાજકોટની નિમણૂક કરવામાં આવી હતી. જે અન્વયે ગુજરાતમા પ્રથમ વખત કોઈ મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણી માટે મતદાન યોજાયું હતું, જે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું છે. બેંકના ડેલિગેટ્સ મતદારોએ ઉત્સાહપુર્વક મતદાન કરતા સાંજે ૪.૦૦ વાગ્યે મતદાનનો સમય પૂર્ણ થવા સુધીમાં ૭ મતદાન મથકો પર કુલ ૯૬.૩૯% મતદાન નોંધાયું છે. આ ચૂંટણીમાં કુલ ૭ મતદાન મથક રાજકોટ શહેર, જેતપુર, મોરબી, જસદણ, અમદાવાદ, સુરત તથા મુંબઈ ખાતે બનાવવામાં આવ્યા હતા. રાજકોટ મતક્ષેત્રની ૧૩ જનરલ સીટ માટે કુલ ૨૩ ઉમેદવાર તથા અનામત ૨ મહિલા સીટ માટે કુલ ૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. તટસ્થ અને પારદર્શી ચૂંટણી માટે તમામ ૭ મતદાન મથક ઉપર મતદાન એજન્ટોની ઉપસ્થિતિમાં નિયમાનુસાર સવારે ૮.૦૦ કલાકે મતદાન શરૂ થયું હતું. તમામ મતદાન મથકો પર ૨૪x૭ નસ્રવેબ કાસ્ટિંગસ્ત્રસ્ત્ર દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, મતદારોની સગવડ માટે ૮૦ વર્ષથી વધુ ઉમરનાં ૩ મતદારોને ઘરેથી લઈ આવવા-મુકવા જવાની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ તમામ દિવ્યાંગ મતદારો માટે વ્હિલ-ચેર સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.મહિલા સશક્તિકરણ અને સર્વસમાવેશકતાના સિદ્ધાંતને સાર્થક કરતા ચૂંટણી તંત્ર દ્વારા જેતપુર ખાતે ૧૦૦% મહિલા સંચાલિત નસ્રપિંક બુથસ્ત્રસ્ત્ર બનાવવામાં આવ્યું હતું, તંત્રના આ પ્રયાસોથી બેંકના મહિલા ડેલિગેટ્સ મતદારોનું ૯૭.૭૩% તથા મહિલા અનામત ૨ બેઠકો માટે કુલ ૯૬.૩૯% તથા રાજકોટ મતક્ષેત્રની જનરલ ૧૩ બેઠક માટે ૯૬.૪૩% જેટલું ઊંચું મતદાન કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવ વિના પૂર્ણ થયું છે. રાજકોટ શહેરમાં ૯૬.૪૩%, જેતપુર, સુરત અને મુંબઈમાં ૧૦૦% મતદાન, મોરબીમાં ૯૭.૬૭%, જસદણમાં ૯૩.૧૦%, અમદાવાદમાં ૮૧.૮૨% મતદાન નોંધાયું છે. મતગણતરી તા. ૧૯-૧૧-૨૦૨૪ના રોજ ૦૮.૦૦ કલાકે રાજકોટ નાગરીક સહકારી બેંક, અરવિંદ મણીયાર સેવાલય, ૧૫૦ ફુટ રિંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ ખાતે યોજાશે, તેમ રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

## પોલીસ દ્વારા વાહન ટોઈંગના વિરોધમાં રૈયારોડના વેપારીઓએ બંધ પાડયો





(તસ્વીરઃ આનંદ જાવિયા)

પોલીસ દ્વારા વાહન ટોઈંગ કરવામાં આવતા રૈયારોડ પર ૮૦૦થી ૯૦૦ વેપારીઓએ બંધ પાડી વિરોધ નોંધાવ્યો હતો રૈયા રોડ વેપારી એસોસીએશનને જણાવ્યા પ્રમાણે પોલીસ તંત્ર દ્વારા દુકાનની બહાર પાર્ક કરેલા વાહનો આડેધર ટોઈંગ Exact હોય અંગે પોલીસ તંત્ર ને આવેદન આપી રજૂઆત કરવામાં આવી છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે હાલમાં રસ્તા નું કામકાજ ચાલતું હોય રોડ પરથી પીળાપટ્ટા ભૂસાઈ ગયા હોય જ્યાં સુધી ફરી મનપા દ્વારા આ પટ્ટા કરવામાં ન આવે ત્યાં સુધી પાર્કિંગ કરવા દેવા ટ્રાફિક પોલીસ ને જણાવ્યું છે.

## આટકોટમાં તાવ, ડેન્ગ્યુનો વધતો કહેર, ૨૦ દર્દીની રાજકોટમાં સારવાર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મિશ્ર ઋતુને લીધે ઘરે ઘરે શરદી, ઉધરસના કેસ વધ્યા આટકોટ આટકોટમાં ડેન્ગ્યુ, ચીકનગુનિયા અને તાવનો કહેર વધ્યો છે અને મિશ્ર ઋતુ ચાલતી હોવાથી શરદી, ઉધરસ, સામન્ય તાવ, ફ્લુના કેસ ઘરે ઘરે જોવા મળી રહ્યા છે. એટલું જ નહીં ૨૦ જેટલા દર્દીઓએ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હોવાનું પણ સામે આવ્યું છે જેના પગલે આરોગ્ય તંત્ર દોડતું થયું છે. રોગચાળાને ઉગતો જ ડામવા દવા છંટકાવ અને ફોગિંગ કરવામાં આવે તેવી માગણી ઉઠવા પામી છે. આટકોટ ગામે ડેન્ગ્યુ, તાવ, શરદી, ઉધરસ જેવી સિઝનલ બીમારીના ઘરે ઘરે ખાટલા ખડકાયા છે. જેથી આરોગ્ય વિભાગ દ્વારા દવાનો છંટકાવ કે ફોગિંગ કરવામાં આવે તેવી માગણી ઉઠી છે. હાલમાં મિક્સ ઋતુ ચાલી રહી હોય બપોરે ઉનાળા જેવો માહોલ અને સાંજે ઠંડીનો માહોલ ત્યારે ડેન્ગ્યુ દેખા દેતા લોકોમાં ગભરાહટ ફેલાયો છે. ઘણા લોકો ખાનગી દવાખાને સારવાર લઈ રહ્યા છે.

૨૦ જેટલા દર્દીઓએ રાજકોટ સારવાર લેવી પડી હોવાનું સામે આવતાં આટકોટમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓએ ઘરે ઘરે ચેકિંગ કરી લોકોને સમજાવ્યા હતા અને ખુલ્લા પાણીમાં ડેંગ્યુ અને ચિકનગુનિયાના મચ્છરો પનપતા હોવાથી આનાથી બચવા સલાહ આપી હતી. બીજી તરફ લોકોએ પણ માગણી કરી હતી કે અનેક સ્થળે ગટરના પાણી ઉભરાતા રહેતા હોઈ ગંદકી અને રોગચાળો ફેલાય છે,આથી તે હટાવી લેવામાં આવે અને ઘરે ઘરે દવાનો છંટકાવ કરવામાં આવે. હજુ પણ થોડા દિવસ તાપમાન વધુ નીચે ઉતરે અને ઠંડી બોકાસો બોલાવે તેવા દિવસો હજુ દુર છે આથી મિશ્ર ઋતુ જ અનુભવાશે. આથી રોગચાળો વધુ વકરે તે પછી જાગવાને બદલે તંત્ર પગલાં લે તે ઈચ્છનીય છે.

## સિટી બ્યુટીફિકેશન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા વિસ્તારમાં વિવિધ કામગીરી હાથ ધરાઈ

### અન્ડરબ્રિજ/ઓવરબ્રિજની દીવાલો પર ટ્રેન અને બ્રિજના ચિત્રો આકર્ષણનું કેન્દ્ર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી સીટી બ્યુટીફીકેશન ઝુંબેશ અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોનમાં વિવિધ શાખા દ્વારા જુદાજુદા વિસ્તાર અને રોડ પર કામગીરી ચાલી રહી છે. જેમાં ત્રણેય ઝોનમાં વોર્ડ વાઈઝ ટીમો બનાવી રોડની સઘન સાફ-સફાઈ, ફૂટપાથ રીપેરીંગ, ડીવાઈર રીપેરીંગ, વોલ પેઈન્ટિંગ, થર્મોપ્લાસ્ટ પટ્ટા/ઝીબ્રા ક્રોસીંગ તથા રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખા દ્વારા લગત કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં શહેરમાં આવેલ અન્ડરબ્રિજ/ઓવરબ્રિજની દીવાલો પર ટ્રેન અને બ્રિજના ચિત્રો દોરવામાં આવ્યા છે જે ખુબ જ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

શહેરના ઝોન વાઈઝ મેઈન રોડ પર બાંધકામ શાખા દ્વારા ફૂટપાથ રીપેરીંગ, ડીવાઈર રીપેરીંગ, વોલ પેઈન્ટિંગ, થર્મોપ્લાસ્ટ પટ્ટા/ઝીબ્રા ક્રોસીંગ જેવી કામગીરી કરવામાં આવે છે. શહેરમાં આવેલ અન્ડરબ્રિજ/ઓવરબ્રિજની વોલ પર વિવિધ થીમ બેઈઝ પેઈન્ટિંગ કરવામાં આવે છે. બી.આર.ટી.એસ. રૂટ પર રેલીંગને પ્રાઈમર કલર કામ કરવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ત્રણેય ઝોનમાં સીટી બ્યુટીફીકેશન અન્વયે મેઈન રોડની સાફ-સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.

ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખા દ્વારા ડીવાઈડરને કલરકામ અને




થર્મોપ્લાસ્ટ વડે રસ્તા પર સાઈડમાં સફેદ પટ્ટા તેમજ ઝીબ્રા ક્રોસીંગના સફેદ પટ્ટાની કામગીરી કરવામાં આવે છે.

ગાર્ડન શાખા દ્વારા સીટી બ્યુટીફીકેશન અન્વયે ડીવાઈડરના છોડનું કટિંગ કામ, રોડ ડીવાઈડર સફાઈ કામ, પાણી આપવાનું કામ, ઝાડની નડતરરૂપ ડાળીઓના કટિંગ કામ વગેરે કરવામાં આવે છે.

રોશની શાખા દ્વારા શહેરના મેઈન રોડ અને ગાર્ડનમાં રહેલ સ્ટ્રીટ લાઈટના પોલને કલરકામ કરવાની કામગીરી કરવામાં આવે છે.

## ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય રાષ્ટ્ર હિતમાં ઉપયોગી:જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, શિવશકિ ધૂન મંડળ, મહિલા મંડળના સંયુક ઉપક્રમે જીવનનગર ચોકમાં શ્રીમ ભાગવત સપ્તાહમાં ગોવર્ધન પૂજામાં આસપાસની સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ધર્મ અને વિજ્ઞાન રાષ્ટ્ર હિતમાં ઉપયોગી, જરૂરી અને જીવનનગર સમિતિની અનેકવિધ પ્રવૃતિ પ્રેરણાદાયી સાબિત થઈ છે તે સંબંધી મહેમાનોએ વિગત આપી હતી.સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ શિવશકિધૂન મંડળને અભિનંદન આપી લોકહિતમાં જરૂરીયાતમંદોને ઉપયોગી વસ્તુઓ આપીને સમાજને રાહ બતાવ્યો છે. માનવ માત્રને ઉપયોગી થવું તે સૌની ફરજ છે તે સંબંધી વાત કરી હતી.જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, મહાનગરપાલિકાના દંડક મનીષભાઈસ રાડીયા, પ્લાનીંગ કમિટીના ચેરમેન ચેતનભાઈ સુરેજા, કોર્પોરેટર નીરૂભા વાઘેલા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી રત્નદિપસિંહ જાડેજા, મેહુલભાઈ નથવાણી વિગેરેએ ભાગવત સપ્તાહની પૂજા કરી, દિપ પ્રાગ્ટય કરી ગોવર્ધન ભગવાનની પૂજા-અર્ચન કરી મહાઆરતીમાં ભાગ લીધો હતો. સમિતિના કાર્યોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. મહિલા મંડળને વિશેષ શુભેચ્છા પાઠવી રાજય-કેન્દ્ર સરકારના વિકાસશીલ કાર્યક્રમોમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો.ધૂન મંડળના રેખાબેન વાઢેર, કુસુમબેન ચૌહાણ, જયશ્રીબેન મોડેસરા, પ્રફુલ્લાબેન બોરીચા, દક્ષાબેન મહેતા, પ્રવિણાબેન ગોંડલીયા, હર્ષાબેન પંડયા, દિપ્તીબેન પટેલ, જયશ્રીબેન વ્યાસ, ભાબેન



ગોહેલ, જયાબેન સોલંકી, જયોત્સનાબેન જીવરાજાની, ધારાબેન ભીંડે, પ્રફુલ્લાબેન જોષી વગેરેએ ગોવર્ધન પૂજામાં સૌએ પરિવાર સાથે ઉત્સવ મનાવ્યો હતો. સપ્તાહમાં પૂજાબેન વાઢેર, વીણાબેન ચૌહાણ, ચેતનાબેન મોડેસરા, ખ્યાતિબેન ચૌહાણ, જલ્પાબેન બોરીચા, યોગિતાબેન ગોહેલ, દિપાલીબેન ગોંડલીયા, આરતીબેન વાઢેર, મિતલબેન પાઠક, હિનાબેન ચૌહાણ, સોનલબેન મોડેસરા, હિનાબેન પંડયા વિગેરેએ ભાગ લીધો હતો.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

